# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 16-08-2025 Day: Saturday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## ફાસ્ટેગ વાર્ષિક પાસ સુવિધા

ભારતીય રાષ્ટ્રીય ધોરીમાર્ગ સત્તામંડળે આજથી દેશભરના લગભગ એક હજાર 150 ટોલ પ્લાઝા પર ફાસ્ટેગ વાર્ષિક પાસની સુવિધા શરૂ કરી છે.

ફાસ્ટેગને વારંવાર રિચાર્જ કરવાની જરૂરિયાતને દૂર કરવા માટે આ ફાસ્ટેગ વાર્ષિક પાસ શરૂ કરવામાં આવ્યો છે. જે ત્રણ હજાર રૂપિયાની એક વખતની ખરીદી સાથે શરૂ કરવામાં આવ્યો છે. આ પાસની માન્યતા એક વર્ષ અથવા 200 વાર ટોલ પ્લાઝામાંથી પસાર થતાં સમયે રહેશે.

માર્ગ પરિવહન અને હાઇવે મંત્રાલયે જણાવ્યું છે કે વાર્ષિક પાસ સાથે સરળ મુસાફરી સુનિશ્ચિત કરવા માટે દરેક ટોલ પ્લાઝા પર સત્તાવાળાઓના અધિકારીઓ અને નોડલ અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે.

**-----------------------------------------------------------------------------------------**

## પૂર્વ પ્રધાનમંત્રી વાજપેયીને શ્રદ્ધાંજલિ

પૂર્વ પ્રધાનમંત્રી ભારત રત્ન અટલ બિહારી વાજપેયીને આજે તેમની સાતમી પુણ્યતિથિ પર દેશભરની સાથે કચ્છમાં પણ શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

16 ઓગસ્ટ 2018 ના રોજ તેમનું અવસાન થયું હતું. શ્રી વાજપેયી ત્રણ વખત દેશના પ્રધાનમંત્રી બન્યા હતા. તેમનો પહેલો કાર્યકાળ 1996માં ફક્ત તેર દિવસનો હતો. બીજી વખત તેઓ 1998  થી 1999 સુધી 11 મહિના માટે પ્રધાનમંત્રી રહ્યા, અને ત્રીજી વખત 1999 થી

2004 સુધી સંપૂર્ણ કાર્યકાળ માટે પ્રધાનમંત્રી રહ્યા હતા. વર્ષ 2015 માં તેમને ભારતના સર્વોચ્ચ નાગરિક સન્માન ભારત રત્નથી સન્માનિત કરાયા હતા.

---------------------------------------------------------------------------------------

## જિલ્લામાં વરસાદ

જીલ્લામાં લાંબા સમયના વિરામ બાદ ફરી વરસાદનો નવો રાઉન્ડ શરૂ થયો છે. ભારે ઉકળાટ બાદ વરસાદ પડતા ઠંડક પ્રસરી છે. જિલ્લામથક ભુજમાં બપોર બાદ જોરદાર ઝાપટું આવ્યું હતું. તો તાલુકાના રુદ્રાણી પાવરપટ્ટી, ખાવડા કાળો ડુંગર, ઢોરી, ધ્રંગ, સુખપર, મીરઝાપર, માનકુવા, માધાપર, સહિતના વિસ્તારોમાં પણ વરસાદથી પાણી વહી નીકળ્યા હતા.

નખત્રાણા તાલુકાના દેશલપર ગુંતલી, ધામાય, કુલાય, સહિતના ગામોમાં પણ વરસાદના સમાચાર મળ્યા છે. તો પૂર્વ કચ્છમાં અંજાર ઉપરાંત, રાપર તાલુકાના કીડીયાનગર, સઈ, ડાભુંડા, પ્રાગપર, ગાગોદર, સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં પણ વરસાદના અહેવાલ છે.

આગામી સાત દિવસ રાજ્યના જુદા જુદા ભાગોમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. 18 થી 20 ઓગસ્ટ દરમિયાન હવામાન વિભાગે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. માછીમારોને દરિયો ન ખેડવાની સૂચના આપવામાં આવી છે.

---------------------------------------------------------------------------------------

## જિલ્લામાં જન્માષ્ટમી પર્વની ઉજવણી

જિલ્લામાં જન્માષ્ટમી પર્વની ભક્તિમય વાતાવરણમાં ઉજવણી થઈ રહી છે. વિવિધ વિસ્તારોમાં મટકી ફોડના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. તેમજ જીલ્લાના વિવિધ મંદિરોમાં વહેલી સવારથી જ ધાર્મિક કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.

ભુજમાં આજે બપોરે શોભા યાત્રા યોજાઈ હતી. સાંસદ વિનોદ ચાવડા સહિતના અગ્રણીઓએ યાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતું. મધરાતે બાર વાગ્યે ભુજના દ્વારકાધીશ મંદિર તેમજ અન્ય મંદિરોમાં કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવશે. જન્માષ્ટમી નિમિત્તે લખપત

તાલુકાના ઘડુલી ગામના ચોકમાં રાસ-ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. તો રાપરના આડેસર ગામમાં રથયાત્રા નીકળી હતી.

---------------------------------------------------------------------------------

## હમીરસર તળાવ ખાતે પરંપરાગત મેળો

ભુજ શહેરના હમીરસર તળાવ કિનારે રાજાશાહી યુગથી ચાલી આવતા સાતમ-આઠમના પરંપરાગત મેળાનો ગઈકાલે સાંજથી પ્રારંભ થયો છે. રવિવાર સુધી ચાલનારા આ મેળામાં મોટી સંખ્યામાં શહેરી અને ગ્રામીણ વિસ્તારના લોકો ઉમટ્યા છે. મેળામાં વિવિધ મનોરંજનના સાધનો, કટલેરી, ઇમિટેશન, ગૃહ સજાવટ, તૈયાર વસ્ત્રો અને બાળકો માટે રમકડાંના સ્ટોલ ઉભા કરાયા છે.

મેળામાં લોકોની સુરક્ષા માટે 50 જેટલા પોલીસ કર્મચારીઓ 24 કલાક ફરજ બજાવી રહ્યા છે. કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે ફાયર વિભાગની ટીમ પણ તૈનાત કરાઈ છે. મેળામાં આજે સવારથી લોકોની ભીડ જોવા મળી હતી. જોકે, બપોર બાદ ભુજમાં વરસાદી ઝાપટા શરુ થતા મેળામાં ધંધાર્થીઓ મુશ્કેલીમાં મુકાયા હોવાનું જાણવા મળ્યું છે.

---------------------------------------------------------------------------------

## માંડવી ખાતે આવતીકાલથી રાત્રિ લોક મેળો

માંડવી નગરપાલિકા દ્વારા દર વર્ષની જેમ શ્રાવણ વદ નોમ-દસમ નિમિત્તે બે દિવસીય રાત્રી લોકમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આવતીકાલે ૧૭ મી ઓગષ્ટે સાંજે ગૌરવ પથ પર પુરૂષોના સ્નાનઘાટ પાસે મેળાને ખુલ્લું મુકવામાં આવશે.

આ મેળામાં ખાણી-પીણી ઉપરાંત નાના ભૂલકાઓ માટે આંનંદ પ્રમોદના સાધનો, બાળકોના મનોરંજન માટે મોટા કાર્ટુન, મ્યુઝિકલ પ્રશ્નોતરી વાળી હાઉજીની રમત, ઉપરાંત, મહિલા બાગ પાસે સ્ટેજ પ્રોગ્રામ, ઓરકેસ્ટ્રા, કટપુતલી વગેરેનું પણ આયોજન ગોઠવવામાં આવ્યું છે તેમ લોકમેળાના ઈન્ચાર્જ ભુપેન્દ્ર સલાટ અને જયેશ ભેદાની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

---------------------------------------------------------------------------------------

## નખત્રાણા : બુરકલ –હાજીપીર માર્ગ

નખત્રાણાથી બુરકલ થઈને હાજીપીર જતા માર્ગની હાલત ખુબ દયનીય બની ગઈ હોવાનું જાણવા મળ્યું છે. મુરૂ દેશલપર રોડ પણ ખરાબ હોવાથી કોમી એકતાના પ્રતિક હાજીપીરની દરગાહ પર આવતા યાત્રાળુઓ બુરકલ રોડ પસંદ કરે છે. પરંતુ હવે આ માર્ગ પર ટ્રાફિક વધવાના કારણે રસ્તો તૂટી જતા લોકોને અકસ્માતનો ભય સતાવી રહ્યો છે અને સ્થાનિક લોકોને નખત્રાણા જવા માટે ભારે મુશકેલી સર્જાઈ રહી છે. જેથી, તાત્કાલીક આ માર્ગનું સમારકામ થાય તેવી માંગણી કરાઈ છે.

---------------------------------------------------------------------------------------

## નલિયા ડેપો: નવી બસ સેવા શરૂ

નલિયા ડેપોના પ્રવાસી સુવિધામાં વધારો કરતાં નલિયા-નારાયણ સરોવર અને નલિયા-ભુજ-ગાંધીધામ રૂટ પર નવી બસ સેવાઓ શરૂ કરવામાં આવી છે. અધિકારીઓ અને પદાધિકારીઓની ઉપસ્થિતિમાં આ નવી બસ સેવાઓનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

---------------------------------------------------------------------------------------